ન.ડાઅ/ખનાજ આવરલાડ/પ્રાતબધ/આવદન પત્ર/આન 3394

વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,

ડાઁ.જીવરાજ મહેતા ભવન,

બ્લોક નં.ડબીજો-ત્રીજોમાળ, જુનાસચિવાલય,

ગાંધીનગર, તારીખઃ-

પ્રતિ,

પ્રમુખશ્રી,

દહેગામ માર્ગ પરિવહન જનહિત રક્ષક સમિતિ,

શિવશકિત કંપાઉન્ડ, પશુ દવાખાના સામે,

દહેગામ, જી.ગાંધીનગર. ૩૮૨૩૦૫

28 MAY 2013

વિષયઃ-જાહેર હિતો, રાષ્ટ્રના હિતો તથા રાજયના હિતોને ઓવરલોડ ખનિજ પ્રવૃતિઓથી થતાં નુકશાન અટકાવવા અંગે આવેદન પત્ર તેમજ ખનીજ ઓવરલોડ અટકાવવા તેમજ કાયમી પ્રતિબંધ મૂકવા અંગેની જરૂરી કાર્યવાહીઓ કરાવવા બાબત.

સંદર્ભઃ- આપનો તા.૧૫/૨/૨૦૧૩, તા.૧૨/૨/૨૦૧૩,૩/૪/૨૦૧૩ અને ૨૦/૪/૨૦૧૩ના પત્રો.

શ્રીમાન,

ઉપરોકત વિષયે સવિનય જણાવવાનું કે, આપે ખનીજ ઓવરલોડ ઉપર કાયમી પ્રતિબંધ મૂકવા અંગેની જરૂરી કાર્યવાહીઓ કરાવવા જેવી કે, ઠરાવો કરાવવા, તે અંગેનું ગેઝેટ / જાહેરનામું પ્રસિધ્ધ કરાવવા , તેનો ગુજરાતમાં કડક રીતે પાલન / અમલ કરાવવાની જવાબદારીઓ સ્ટેટલેવલે ટાસ્કફોર્સ, ડિસ્ટ્રીક લેવલ ટાસ્કફોર્સ, જીલ્લા – તાલુકા લેવલે ગ્રિલેન્સન રિડ્રેસલ કમિટીઓના ચેરમેનશ્રીઓની તેમજ ચેમ્બર સેક્રેટરીઓની ફરજીયાત જવાબદારી નકકી કરાવવા અને સંયુકત સમિક્ષા બેઠક યોજવામાં આવે ઓનલાઇન ઇ રોયલ્ટી પાસ પવતી ચલન પધ્ધતિનું અમલીકરણ કરાવવા, ખનીજ રોયલ્ટી ચોરી અટકાવવા તેમજ લીઝ ધારકોના એગ્રીમેન્ટમાં ખનીજ ઓવરલોડ ન ભરવા અંગેની નવી શરતોનો ઉમેરો કરવા અંગે સુચનો તેમજ રજુઆત ગ્રાહય રાખવામાં આવે તેવી કાર્યવાહી કરવા અનુરોધ કરેલ છે.

મોટર વેહીકલ એકટ ૧૯૮૮ની કલમ-૧૧૩ (૩) (બી) મુજબ અત્રેની કચેરી ધ્વારા ઓવરલોડ અટકાવવા તથા બંધ કરાવવા કાર્યવાહી કરવામાં આવે છે. જેમાં અત્રેથી જુદા જુદા પરિપત્રો કરાવવામાં આવેલ છે. તેમજ સમયાંતરે સમગ્ર ગુજરાતમાં ઓવરલોડ વાહનો અંગેનું સ્પેશ્યલ ચેકીંગ પણ હાથ ધરવામાં આવે છે. અને ઓવરલોડ વાહન પકડાયતો કાયદાનુસાર કડક પગલાં લેવામાં આવે છે. તેમજ કડક પગલાંના ભાગરૂપે ઓવરલોડ વાહનનું ૯૦ દિવસ માટે રજીસ્ટ્રેશન મોકુફ રાખવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, ખનીજ લીજ વિસ્તારમાં પ્રવેશ કરી ખનિજ સંબંધિત ગેરકાનુની પ્રવૃતિઓ અટકાવવા અધિકારો અને ફરજો ગુજરાત સરકાર ધ્વારા વાહન વ્યવહાર વિભાગને તે રીતે આપવામાં આવેલ નથી. આમ, આપના પત્રની વિગતો જોતાં મુખ્યત્વે રજુઆત ભુસ્તર વિજ્ઞાન ખાણ ખનિજને લગતી હોઇ તે વિભાગને પણ એક નકલ આપશ્રીએ મોકલાવેલ હોય તેમ જણાય છે. જેની આપશ્રીને જાણ થવા વિનંતી છે.

સંયુકત વાહન વ્યવહાર નિયામક,

ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ- પ્રતિ,(૧) ઉપસચિવશ્રી, રાજભવન,ગાંધીનગરને જાણ સારૂ સાદર.

(૨) બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, બ્લોક નંર/૯માળ, નવાસચિવાલય,ગાંધીનગરને જાણ સારૂ.